સંક્ષિપ્ત સમાચાર

માંડવીમાં ગૌવંશના ગુનામાં જપ્ત વાહનોની હરાજી

હિતેશ પટેલ

માંડવી: સુરત ગ્રામ્ય જિલ્લાના માંડવી ડિવિઝનમાં ગૌવંશ સંબંધિત ગુનામાં જપ્ત કરાયેલાં વાહનોની હરાજી પોલીસ તંત્રની કડક દેખરેખ હેઠળ યોજાઈ હતી. મદદનીશ પોલીસ અધિક્ષક અક્ષેશ એન્જિનિયરની ઉપસ્થિતિમાં યોજાયેલી આ હરાજીમાં બોલેરો પીકઅપ અને સ્પાર્ક ફોરવ્હીલ ગાડીઓ વેચાણ માટે મૂકવામાં આવી હતી. હરાજી દરમિયાન ઉત્સાહભેર બોલીઓ લાગી હતી અને સમગ્ર પ્રક્રિયા સ્પર્ધાત્મક માહોલમાં પૂર્ણ થઈ હતી. સૌથી ઊંચી બોલી લગાવનાર ઠાકોર ટ્રેડર્સે બંને વાહનો રૂપિયા 2 લાખની કિંમતે હાંસલ કર્યાં હતાં. આ પ્રસંગે બારડોલી ડિવિઝનના ડીવાયએસપી રાઠોડ, માંડવી પોલીસ સ્ટેશનના પી.આઈ. સી.બી.ચૌહાણ સહિતના અધિકારીઓ તેમજ હરાજીમાં ભાગ લેનાર નાગરિકો હાજર રહ્યા હતા.

કામરેજ સુગરના પ્રમુખને લાઈફ ટાઈમ એચિવમેન્ટ એવોર્ડ

વિશાલ પટેલ

કામરેજ: કામરેજ તાલુકાના નવી પારડી ખાતે કાર્યરત કામરેજ વિભાગ સહકારી ખાંડ ઉદ્યોગ મંડળીના પ્રમુખ અશ્વિનભાઈ ભાઈદાસભાઈ પટેલ(દાદી)ને શુક્રવારના રોજ નર્મદા જિલ્લા એકતાનગર (કેવડિયા) ખાતે ગુજરાત સ્ટેટ કો. ઓ. બેન્ક લી.ના સહકાર ભવન ખાતે ગુજરાત રાજ્ય સહકારી ખાંડ ઉદ્યોગ સંઘ (ગાંધીનગર) દ્વારા સહકારી ખાંડ ઉદ્યોગ, સહકારી ક્ષેત્ર કૃષિ, વૈદકીય અને રાજકીય ક્ષેત્રે સરાહનીય સેવાઓ પ્રદાન કરવા બદલ તેમજ દીર્ઘકાળથી ખાંડ ઉદ્યોગને પ્રદાન કરેલી સેવાઓને ધ્યાને લઈને લાઈફ ટાઈમ એચિવમેન્ટ એવોર્ડ એનાયત થયો હતો. સન્માન પત્ર ખાંડ ઉદ્યોગના પ્રમુખ એવા રાજ્ય સરકારના મંત્રી અને પંડવાઈ સુગરના પ્રમુખ ઇશ્વરસિંહ પટેલના હસ્તે કરવામાં આવ્યો હતો.

નિઝરમાં ૧૦ મહિનાથી આવાસના હપ્તા બાકી

કુકરમુંડા: નિઝરના સુલવાડા, પીપલોદ, વ્યાવલ અને હિંગણી ગામના આવાસ યોજનાના લાભાર્થીઓ દ્વારા સરકારના નીતિનિયમો મુજબ મકાનનું બાંધકામ શરૂ કરવામાં આવ્યું છે. પરંતુ છેલ્લા ૧૦ મહિનાથી બીજો અને ત્રીજો હપ્તો ચૂકવવામાં આવ્યો ન હોવાને કારણે ગ્રામજનો મુશ્કેલીમાં મુકાયા છે. આ મામલે ગતરોજ ચારેય ગામના લાભાર્થીઓએ નિઝર પ્રાંત અધિકારીને આવેદનપત્ર આપી પોતાની સમસ્યાઓ રજૂ કરી હતી.

એક્સપ્રેસ વે પર સિમેન્ટની આડમાં દારૂની હેરાફેરી

પલસાણા: સુરત જિલ્લા એલસીબીની ટીમે કામરેજ તાલુકાના હલધરૂ ગામની સીમમાં ઉત્તરબુનિયાદી આશ્રમશાળાની સામે વોચ ગોઠવી હતી. તપાસ દરમિયાન શંકાસ્પદ હાલતમાં પસાર થતાં અશોક લેલન ટેમ્પો (નં. GJ 14 Z 0016)ને અટકાવી તેની તલાશી લેવામાં આવી હતી.

પોલીસે ટેમ્પોની તપાસ કરતા તેમાં ઉપરના ભાગે એસીઇ મોટર સીલની કુલ ૫૦૦ બોરીઓ ભરેલી હતી, પરંતુ તેની નીચે છુપાવેલો ભારતીય બનાવટની વિદેશી દારૂની વ્હીસ્કીની બાટલીઓ તથા બિયરના ટીન મળી કુલ ૨૮૩૨ નંગ જથ્થો મળી આવ્યો હતો. પોલીસે દારૂ, ટેમ્પો, મોબાઈલ સહિત કુલ ૧૯,૧૧,૧૦૦ રૂપિયાનો મુદ્દામાલ કબજે કર્યો છે. આ મામલે પોલીસે ટેમ્પોચાલક સંજયભાઇ વશરામભાઇ માધડ (રહે., ડોળીયા, સુરેન્દ્રનગર) ની ધરપકડ કરી છે. પોલીસની પ્રાથમિક પૂછપરછમાં જાણવા મળ્યું છે કે આ દારૂનો જથ્થો ડોળીયાગામના જ મુકેશભાઇ જગાભાઇ રાઠોડે ભરી આપ્યો હતો, જેને પોલીસે વોન્ટેડ જાહેર કરી શોધખોળ હાથ ધરી છે.

ભરૂચના શક્તિનાથ મહાદેવ મંદિરમાં લાખોની ચોરી

ભરૂચ: ભરૂચ શહેરના શક્તિનાથ વિસ્તારમાં આવેલા પ્રાચીન શક્તિનાથ મહાદેવ મંદિરમાં અજાણ્યા ચોરોએ મંદિરમાં પ્રવેશ કરીને શિવલિંગ પરથી ચાંદીનું છત્ર, ચાંદીનો નાગ અને ભગવાનની મૂર્તિઓ પરથી અન્ય કિંમતી આભૂષણો પર હાથ સાફ કર્યો હતો. ઘટનાની જાણ થતાં જ ભરૂચ સિટી એ ડિવિઝન પોલીસનો સ્ટાફ ઘટના સ્થળે પહોંચી મંદિરની આસપાસના વિસ્તારમાં તપાસ હાથ ધરી છે.

રાજપીપળાના આરબ ટેકરા વિસ્તારમાં પીવાના પાણીની લાઈન લીકેજ

દીપલ સોની

રાજપીપળા: રાજપીપળામાં શહેરના વોર્ડ નં.૫માં આવેલા આરબ ટેકરા વિસ્તારમાં છેલ્લા દોઢ મહિનાથી પીવાના પાણીની મુખ્ય પાઇપલાઇનમાં મોટું લીકેજ હોવા છતાં તંત્ર દ્વારા કોઈ નક્કર કામગીરી કરવામાં આવતી નથી, જેને કારણે અનેક પરિવારો પાણીના ટીપે-ટીપે માટે વલખાં મારી રહ્યાં છે. સ્થાનિક જાગૃત નાગરિકો અને રહીશો દ્વારા આ ગંભીર સમસ્યા અંગે નગરપાલિકામાં અનેકવાર મૌખિક તેમજ લેખિત રજૂઆતો કરવામાં આવી છે. જો કે, પાલિકાના કર્મચારીઓ દ્વારા નાગરિકોને એવો ઉડાવ જવાબ આપવામાં આવે છે કે પાઇપ રિપેરિંગ માટે તેમની પાસે પૂરતો સ્ટાફ કે જરૂરી સાધનો ઉપલબ્ધ નથી. તંત્રના આવા બિનજવાબદાર વલણને કારણે સ્થાનિકોમાં ભારે રોષ જોવા મળી રહ્યો છે. પાલિકા તંત્ર આંખ આડા કાન કરવાનું છોડીને તાત્કાલિક ધોરણે આ પાઇપલાઇનનું સમારકામ કરે અને આરબ ટેકરા વિસ્તારના રહીશોની સમસ્યાનું સુખદ નિરાકરણ લાવે તેવી ઉગ્ર માંગ ઊઠી છે.

અસ્તાન ROBનું લોકાર્પણ, કડોદરાથી બારડોલી રોડ સિક્સલેન બનાવાશે

નવનિર્મિત રેલવે ઓવરબ્રિજનું પૂર્વ કેબિનેટ મંત્રી અને ધારાસભ્ય ઈશ્વરભાઈ પરમારના હસ્તે લોકાર્પણ

બારડોલી: બારડોલી તાલુકામાં ટ્રાફિકની સમસ્યા હળવી કરવા રૂ.૨૮.૫૦ કરોડના ખર્ચે નવનિર્મિત બ્રિજ ખુલ્લો મુકાયો હતો. આગામી સમયમાં વધુ પાંચ ઓવરબ્રિજ અને અન્ડરપાસનું નિર્માણ થશે. કડોદરાથી બારડોલી સુધીના માર્ગને 6 માર્ગીય કરવાની સૈદ્ધાંતિક મંજૂરી પણ ગુજરાત સરકારે આપી દીધી હોવાની મહત્ત્વપૂર્ણ જાહેરાત ધારાસભ્ય ઈશ્વર પરમારે કરી હતી.

સ્વર્ણિમ જયંતી મુખ્યમંત્રી શહેરી વિકાસ યોજના હેઠળ અસ્તાન પાસે રેલવે ક્રોસિંગ (એલ.સી.નં.૨૫) પર રૂ.૨૮.૫૦ કરોડના ખર્ચે તૈયાર થયેલા નવનિર્મિત રેલવે ઓવરબ્રિજનું પૂર્વ કેબિનેટ મંત્રી અને ધારાસભ્ય ઈશ્વરભાઈ પરમારના હસ્તે લોકાર્પણ કરવામાં આવ્યું હતું. આ સુવિધાથી બારડોલી, કડોદ, માંડવી અને ગલતેશ્વર તરફ જતા અંદાજે સવા લાખ લોકોને સીધો લાભ મળશે.

લોકાર્પણ પ્રસંગે ધારાસભ્ય ઈશ્વરભાઈ પરમારે મહત્ત્વની જાહેરાત કરતા જણાવ્યું હતું કે, કડોદરાથી બારડોલી સુધીના ૧૭.૫ કિમીના ફોર લેન રસ્તાને રૂ. ૬૪.૧૫ કરોડના ખર્ચે સિક્સ લેન બનાવવા માટે સરકાર દ્વારા સૈદ્ધાંતિક મંજૂરી આપી દેવામાં આવી છે. આ પ્રોજેક્ટથી કડોદરા અને બારડોલી વચ્ચેની કનેક્ટિવિટી અત્યંત ઝડપી અને સલામત બનશે. સેટેલાઈટ ટાઉનને ધ્યાનમાં રાખી સરકાર દ્વારા કડોદરાથી સીધું દસ્તાન સુધી ઓવરબ્રિજ દ્વારા જોડવા અંગેનું દ્વારા આયોજન પણ સરકાર દ્વારા કરવામાં આવ્યું છે.

વધુમાં, તેમણે જણાવ્યું હતું કે ભવિષ્યમાં ટ્રાફિકના ભારણને ઘટાડવા માટે બારડોલી સુગર ફેક્ટરી સામે, તેનથી બાબેન રોડ, ગંગાધરા-કારેલી અને બગુમરા ખાતે નવા રેલવે ઓવરબ્રિજ બનાવવાનું આયોજન છે, જ્યારે ચલથાણ ખાતે નવો અન્ડરપાસ તૈયાર કરવામાં આવશે. મીંઢોળા નદી પર પણ નવા બ્રિજ બનાવીને વાહનવ્યવહાર સરળ કરવામાં આવ્યો છે.આ ઓવરબ્રિજના નિર્માણથી સ્થાનિક વેપાર-રોજગારને વેગ મળશે તથા વાહનચાલકોના સમય અને ઈંધણની મોટી બચત થશે. આ કાર્યક્રમમાં પ્રાદેશિક કમિશનર એસ.ડી.વસાવા, પ્રાંત અધિકારી જીજ્ઞાબેન પરમાર, મામલતદાર કલ્પનાબેન સહિત જી.આઈ.ડી.સી. ના અધિકારીઓ, નગરપાલિકાના હોદ્દેદારો અને મોટી સંખ્યામાં નગરજનો ઉપસ્થિત રહ્યા હતા.

કિરણ ઢોડિયા

કુડસદમાં માંડવીવાળી થવાની નોબત, ચાર મહિનાની ટાંકીના દાદરના કઠેરામાં ગાબડાં

1 લાખ લિટરની ટાંકીમાં ગુણવત્તા મુદ્દે સવાલ, જાગૃત નાગરિકે પંચાયતને લેખિતમાં ફરિયાદ કરી

કીમ: ઓલપાડ તાલુકામાં વધુ એક પાણીની ટાંકીના નિર્માણમાં ભ્રષ્ટાચાર થયો હોવાની આશંકા સામે આવી છે. કુડસદ ગામમાં જૂની પાણીની ટાંકી જર્જરિત થઈ જતાં નવી ટાંકી બનાવવામાં આવી હતી, પરંતુ ટેસ્ટિંગ દરમિયાન જ ટાંકીની ગુણવત્તા અંગે સવાલો ઊભા થયા છે.

માહિતી મુજબ, આશરે ચાર મહિનામાં ૧ લાખ લિટર ક્ષમતા ધરાવતી આ નવી ટાંકીનું નિર્માણ પૂર્ણ કરવામાં આવ્યું છે. હાલમાં ટાંકીમાં ટેસ્ટિંગ માટે પાણી ભરવામાં આવ્યું છે. ગામના એક જાગૃત નાગરિક ટાંકીની ગુણવત્તા ચકાસવા માટે ઉપર ચડ્યા ત્યારે દાદર પર બનાવવામાં આવેલા કઠેરામાંથી ગાબડા તૂટીને નીચે પડ્યા હતા. આ ઘટનાને લઈ નાગરિક દ્વારા સમગ્ર મામલે ગ્રામ પંચાયતને લેખિત ફરિયાદ કરવામાં આવી છે. આ ટાંકીનું નિર્માણ અંદાજે ૨૪ લાખથી વધુના ખર્ચે કરવામાં આવ્યું છે. ૧૫મા નાણાપંચની ગ્રામ પંચાયત તથા તાલુકા પંચાયતની ગ્રાન્ટમાંથી આ કામગીરી હાથ ધરવામાં આવી હતી અને વાસ્મો (WASMO) ના સુપરવિઝન હેઠળ કામ પૂર્ણ કરવામાં આવ્યું હોવાનું જાણવા મળે છે. સમગ્ર મામલે કુડસદ ગામના સરપંચ યોગેશ લીમ્બાચીયાએ જણાવ્યું હતું કે આ બાબતે વાસ્મોના અધિકારી તેમજ કોન્ટ્રાક્ટરને જાણ કરવામાં આવી છે. તેમણે વધુમાં જણાવ્યું કે હજુ સુધી ટાંકીના કામ બદલ એક પણ રૂપિયાની ચૂકવણી કરવામાં આવી નથી અને જ્યાં સુધી કામ ગુણવત્તાસભર રીતે પૂર્ણ નહીં થાય ત્યાં સુધી કોઈ ચૂકવણી કરવામાં આવશે નહીં.

સડથલામાં સોલાર પ્લાન્ટના કેબલ ચોરી કરનારા બે ઝડપાયા

ભરૂચ: વાગરાના સડથલા ગામે આવેલા સોલાર પ્લાન્ટમાંથી કોપર કેબલની ચોરી કરનારા બે આરોપીને પોલીસે ઝડપી લીધા છે. ગત 23 માર્ચની રાત્રે કે.પી. ગ્રીન એનર્જી સોલાર પ્લાન્ટમાંથી આરોપીઓએ આશરે 670 મીટરનો કોપર કેબલ ચોર્યો હતો. જેની કિંમત રૂ. 20 હજાર જેટલી છે. ઘટના સ્થળેથી પોતાની મોટરસાઈકલ છોડીને ફરાર થયેલા આરોપીઓ લાલુભાઈ ઉર્ફે પ્રકાશ વિઠ્ઠલ વસાવા અને જયેશ ઉર્ફે જયલો રવજી વસાવા (બંને મૂળ અમલેશ્વર) ને વાગરા પોલીસે ઝડપી પાડ્યા છે. પોલીસે બંને આરોપીઓ પાસેથી ચોરીનો મુદ્દામાલ પણ જપ્ત કર્યો છે. હાલમાં તેમની પૂછપરછ ચાલુ છે, જેમાં અન્ય ચોરીના બનાવોના ભેદ પણ ઉકેલાઈ શકે તેવી શક્યતા છે.

કોની અક્કલમાં કૂવો બનાવું! ડેડિયાપાડાના પારસી ટેકરા પાસે લટકતું બોર્ડ

ડેડિયાપાડા: ડેડિયાપાડા નજીક આવેલા પારસી ટેકરા ખાતે ઝીલ હોસ્પિટલ નજીક લગાવવામાં આવેલું એક સાઈન બોર્ડ છેલ્લા કેટલાય દિવસોથી લટકતી હાલતમાં છે. આ બોર્ડ ક્યારેક નીચે પડી શકે તેવી સ્થિતિમાં હોવાથી, અહીંથી પસાર થતાં વાહનચાલકો અને રાહદારીઓમાં પર પડે તો કોઈનો જીવ પણ લઈ શકે છે. સ્થાનિક લોકો જણાવતા કહે છે કે, આ બોર્ડ અવારનવાર હલનચલન કરતું જોવા મળે છે અને જો તોફાની પવન ફૂંકાય તો કોઈપણ ક્ષણે નીચે પડી એવા સંજોગો છે. પારસીટેકરા વિસ્તારમાં રોજિંદા હજારો વાહનોની અવરજવર રહેતી હોવાથી, આ બોર્ડ મોટી દુર્ઘટના સર્જી શકે તેવી સંભાવના વ્યક્ત કરવામાં આવી રહી છે. એક વાહનચાલકે કહ્યું કે, "આ બોર્ડ નીચેથી પસાર થતી વખતે ડર લાગે છે. આટલી ભીડવાળા વિસ્તારમાં આવી બેદરકારી રાખવું યોગ્ય છે. જવાબદાર વિભાગે તાત્કાલિક આ બાબતે ધ્યાન આપવું પડશે."

વડપાડામાં ખેતરમાં કામ કરતા યુવાન પર હુમલો

સોનગઢ: સોનગઢ તાલુકાના વડપાડા પ્ર. ઉમરદા ગામે ધોળે દિવસે ખેતરમાં કામ કરી રહેલા એક યુવાન પર દીપડાએ ઓચિંતા હુમલો કરતા સમગ્ર વિસ્તારમાં દહેશતનો માહોલ છવાઈ ગયો છે. આ હુમલામાં યુવાનને હાથના ભાગે ઈજા પહોંચી છે.

વડપાડા ગામનો રહેવાસી મનીષ અરવિંદભાઈ ગામીત નામનો યુવાન પોતાના ખેતરમાં પાણી પિયત કરી રહ્યો હતો, ત્યારે નજીકની ઝાડીઓમાંથી એકાએક દીપડો ધસી આવ્યો હતો. દીપડાએ મનીષ પર તરાપ મારતાં તેના હાથમાં નખ વાગવાથી ઈજા થઈ હતી. યુવાને હિંમત બતાવી બૂમાબૂમ કરતાં આસપાસના ખેતરોમાંથી લોકોનાં ટોળાં દોડી આવ્યા હતા, જેના કારણે દીપડો ત્યાંથી નાસી છૂટ્યો હતો. આ હુમલાના સમાચાર વાયુવેગે પ્રસરતા ગ્રામજનોમાં ભય વ્યાપી ગયો છે. ઘટનાની ગંભીરતાને જોતા ગામલોકોએ તુરંત વન વિભાગને જાણ કરી હતી. વન વિભાગની ટીમ તાત્કાલિક ઘટના સ્થળે દોડી આવી હતી અને પરિસ્થિતિની સમીક્ષા કરી હતી. દીપડાને ઝડપી પાડવા માટે વન વિભાગ દ્વારા વિસ્તારમાં બે પાંજરાં ગોઠવવામાં આવ્યાં છે અને સતત મોનિટરિંગ હાથ ધરવામાં આવ્યું છે. આ વિસ્તારમાં અગાઉ પણ દીપડાની હલચલ જોવા મળી હતી, પરંતુ દિવસ દરમિયાન જ હુમલો થતા ખેડૂતો અને પશુપાલકોમાં ચિંતા વધી ગઈ છે.

બુટલેગરોના નેતાઓ સાથે ફોટા, બદનામ સરકાર થાય છે: દર્શન નાયક

ઓલપાડ પોલીસની 'કાગળ પરની' સિંહ જેવી ત્રાડ, પણ જમીન પર તો બુટલેગરો જ આબાદ!

કોંગ્રેસ સમિતિના મહામંત્રી દર્શન નાયકે નાયબ મુખ્યમંત્રી અને ગૃહમંત્રી હર્ષભાઈ સંઘવીને મેઇલ કર્યો

સાયણ: ઓલપાડ તાલુકામાં બુટલેગરો દ્વારા ખુલ્લેઆમ દારૂ, ગાંજો, ડ્રગ્સ સહિતના નસીલા પદાર્થોનું વેચાણ અને હેરફેર, કાયદાનો ભંગ અને સમાજમાં વધતી ગુનાખોરી બાબતે તાત્કાલિક કાર્યવાહી કરવા તેમજ બુટલેગરો સામે પાસા/તડીપાર અને ફોજદારી કાર્યવાહી કરવા ગુજરાત પ્રદેશ કોંગ્રેસ સમિતિના મહામંત્રી દર્શન નાયકે નાયબ મુખ્યમંત્રી અને ગૃહમંત્રી હર્ષભાઈ સંઘવીને મેઇલ દ્વારા રજૂઆત કરી છે.

રજૂઆત મુજબ ઓલપાડના દેલાડ, સાયણ અને સીવણ જેવાં ગામોમાં ગાંજો, ડ્રગ્સ સહિતના નસીલા પદાર્થોનું વેચાણ થઈ રહ્યા છે. ઓલપાડ તાલુકામાંથી સુરત જિલ્લા અને શહેરી વિસ્તારમાં દેશી દારૂ જાહેર રસ્તાઓ મારફતે સપ્લાય થઈ રહ્યો છે. જેની ઉપર અંકુશ લાવવો ખૂબ જરૂરી છે.

આ તમામ બુટલેગરો પૈકીના અમુક બુટલેગરોના નામે પોલીસ રેકોર્ડમાં આશરે ૧૪થી ૧૫ કેસ નોંધાયેલા હોવા છતાં તેમની સામે કોઈપણ પ્રકારની કાર્યવાહી કરવામાં આવતી નથી. દુઃખની વાત એ છે કે આવા બુટલેગરો નેતાઓ સાથે રાજકીય કાર્યક્રમમાં જોવા મળી રહ્યા છે. જેને કારણે સરકારની બદનામી થઈ રહી છે.

ઝાંખરી રેન્જમાં રાઉન્ડ ફોરેસ્ટરને હત્યાની ધમકી

વ્યારા: તાપી જિલ્લામાં ઉનાળો શરૂ થતાં જ જંગલ વિસ્તારમાં દવ લાગવાની ઘટના બનતી રહે છે. જેને અટકાવવા માટે વન કર્મીઓ જંગલ વિસ્તારમાં દિવસ રાત ફરજ બજાવતા હોય છે. જો કે, કેટલાંક તત્ત્વો દ્વારા જંગલો જાણીબુઝીને જંગલોમાં દવ લગાવવામાં આવે છે. ત્યારે તાપી જિલ્લાનાં વ્યારા તાલુકાના પૂર્વ પટ્ટીના જંગલોમાં અવારનવાર કોઈ દવ લગાવી જતાં હોય ઝાંખરી રેન્જમાં રાઉન્ડ ફોરેસ્ટર હિનાબેન દિનેશભાઈ ગામીત (ઉં.વ.34) ગત તા.26-3-2026ના રોજ વોચમાં હતાં. દરમિયાન રાત્રિના સાડા દસેક વાગ્યાના અરસામાં વિરલ વિનોદ ગામીત (રહે.,ઝાંખરી, તા.વ્યારા) તેમજ અન્ય એક અજાણ્યા ઈસમ સાથે નંબર વગરની મોપેડ પર આવી થોડી થોડીવારે આવી જંગલમાં થોડા થોડા અંતરે આગ લગાવી જતાં હોવાનું નજરે પડતાં રાઉન્ડ ફોરેસ્ટર અને અન્ય બે વન કર્મીઓ દ્વારા પેટ્રોલિંગ દરમિયાન પીછો કરાતાં બંને ઈસમ ભાગી છૂટ્યા હતાં. બાદ બંને ઈસમ બીરબરા જંગલ નાકા પાસે આવ્યા હતા. જ્યાં મહિલા ફોરેસ્ટર દ્વારા વિરલ ગામીત જંગલમાં દવ કેમ લગાવો છો? પૂછતાં વિરલ ગામીત મહિલા ફોરેસ્ટર સાથે ગાળાગાળી કરી તમે નોકરી કઈ રીતે કરો છો હું જોઉં છું, હું તમારી નોકરી ખાઈ જવા. અગાઉ પણ હું એક ફોરેસ્ટરની નોકરી ખાઈ ગયો છું. હું તમને પતાવી દેવાનો છું. કહી જાનથી મારી નાંખવાની ધમકી આપતાં ઝાંખરી રેન્જના રાઉન્ડ ફોરેસ્ટર હિના ગામીતે વ્યારા પોલીસ મથકે ફરિયાદ આપતાં પોલીસે વિરલ ગામીત વિરુદ્ધ ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે.

બુહારીમાં આજે 1.65 કરોડના વિકાસના કામોનું લોકાર્પણ થશે

ઉપસરપંચ સુરજભાઈ દેસાઈએ 10 વર્ષથી સત્તા સંભાળ્યા બાદ ગામની કાયાપલટ થઈ ગઈ

સુરજ દેસાઈના પ્રયત્નોથી સીસીટીવી અને ફ્રી વાઈફાઈ સાથે બુહારી સ્માર્ટ વિલેજ બન્યું છે

બુહારી ગામમાં C.C.T.V. કેમેરા, ફ્રી વાઈ-ફાઈ, સોલાર ઉર્જાથી સંચાલિત ગ્રામ પંચાયત ભવન, ખોનલાઈન ફરિયાદ નિવારણ કેન્દ્ર, બાયંતઆધુનિક ગ્રામ પંચાયત ઓફીશ તેમજ 150 સર્ટિફાઇડ ગ્રામ પંચાયત છે. સહિત અનેક કાર્યોને લીધે સ્માર્ટ વિલેજ પણ બન્યું છે.

બુહારી: તાપી જીલ્લાના વાલોડ તાલુકાના બુહારી ગામમાં અનેક વિકાસના કામો વર્ષોથી થયા છે. તેમાં પણ છેલ્લા ૧૦ વર્ષથી ગામમાં જ્યારથી ઉપસરપંચ સુરજભાઈ દેસાઈએ સત્તા સાંભળી છે. ત્યારથી કરોડો રૂપિયાની ગ્રાન્ટથી બુહારી ગામની કાયાપલટ થઈ છે. આ ગ્રાંટ વડાપ્રધાન નરેન્દ્ર મોદીથી શરૂ કરીને મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલ, અમિત શાહ દ્વારા આપવામાં આવી છે. આ ઉપરાંત તત્કાલિન જિલ્લા પંચાયત સભ્ય તૃપ્તિબેન પટેલ, તત્કાલિન તાલુકા પંચાયત સભ્ય દર્શનાબેન પરમાર અને સરપંચ શ્રીમતી વનિતાબેન ગામીત, ઉપસરપંચ સુરજભાઈ દેસાઈ દ્વારા પણ ગ્રાન્ટ ફાળવવામાં આવી છે. આ ગ્રાન્ટમાંથી બુહારીમાં 1.૬૫ કરોડ રૂપિયાના વિકાસના કામોનું લોકાર્પણ આજે તત્કાલિન જિલ્લા પંચાયત સભ્ય તૃપ્તિબેન પટેલ, તત્કાલિન તાલુકા પંચાયત સભ્ય દર્શનાબેન પરમાર, સરપંચ વનિતાબેન ગામીત અને ઉપસરપંચ સુરજભાઈ દેસાઈની ઉપસ્થિતિમાં થશે. જેમાં ડામર રસ્તા પીવાના પાણીની સુવિધા ભૂગર્ભ ગટર, પતરાના શેડ જેવા અનેક વિકાસના કામોનો સમાવેશ થાય છે. ગ્રામ પંચાયતોને સીધી ગ્રાન્ટ નાણાપંચ, ગ્રામ્ય-તાલુકા કક્ષા, જિલ્લા પંચાયત કક્ષાનો નિર્ણય ગ્રામ્ય વિસ્તારમાં ખુબ લાભદાયી બન્યો છે. વિકાસના આ કામો જશ ખાટવા માટે નીકળેલા કેટલાક રાજકારણીઓ માટે તમાચા સમાન છે.

Milano MULTIPLEX
બારડોલી
Dhurandhar
The Revenge
11:00am, 12:00pm,
01:00pm, 03:30pm,
04:30pm, 05:15pm,
08:00pm, 09:00pm,
09:30pm
Ph:- 02622-230068
*Movie schedule and timings are subject to change without any prior notice
સંપર્ક: 98791 33333

ધી ભરૂચ ડિસ્ટ્રીક્ટ કો-ઓપરેટીવ મિલ્ક પ્રોડ્યુસર્સ યુનિયન લિ. 'દૂધધારા ડેરી'
જુના ને.હાઈવે - ૮, પો.બો.નં.- ૨૯, (ભોલાવ) ભરૂચ

ટેન્ડર નોટિસ

આથી નીચે જણાવ્યા મુજબના ટેન્ડરો માટે રસ ધરાવતા ઇસમો પાસેથી સીલબંધ કવરમાં વર્ષ ૨૦૨૬-૨૭ માટે ભાવપત્રકો મંગાવવામાં આવે છે. દરેક ટેન્ડર દીઠ ટેન્ડર ફી ₹ ૫૦૦ + GST (નોન રીફંડેબલ) રોકડા ભરીને સંઘના રજા સિવાયના દિવસોમાં તા.૨૮/૦૩/૨૦૨૬ થી તા.૦૪/૦૪/૨૦૨૬ સુધી સવારના ૧૧-૦૦ થી બપોરના 3-00 કલાક સુધી મેળવી શકાશે. સદર ભરેલા ટેન્ડર ડીપોઝીટ ભર્યાની રસીદ સાથે તા.૨૮/૦૩/૨૦૨૬ થી તા.૦૪/૦૪/૨૦૨૬ ના રોજ બપોરના ૪-૦૦ સુધી સ્વીકારવામાં આવશે. ટેન્ડર ખોલવાનો સમય ટેન્ડર કોપીમાં દર્શાવેલ છે.

૧	દૂધ તણામણ માટેનો પરિવહન કોન્ટ્રાક્ટ (મિલ્ક પ્રોક્યોરમેન્ટ)	સંઘ સયોજીત દૂધ મંડળીઓ પાસેથી સવાર-સાંજ દૂધ તણામણ કામકાજ માટે વાહનનો કોન્ટ્રાક્ટ	એમ.પી શાખા

નોંધ :- ૧. કોઈ પણ ટેન્ડર મંજુર કરવું કે ના કરવું તેની તમામ સત્તા સંઘના નિયામક મંડળ મેનેજીંગ ડીરેક્ટરશ્રીની રહેશે.

૨. આ કામ માટે ફરીથી ટેન્ડર મંગાવવાના થશે તો તેની જાહેરાત વખતો વખત સંઘના નોટીસ બોર્ડ ઉપરથી પ્રસિધ્ધ કરવામાં આવશે.

૩. ટેન્ડર મંજુર થયાની જાણ ટપાલ અથવા ફોન દ્વારા કરવામાં આવશે.

મેનેજીંગ કમીટીના આદેશથી
(એન.એમ.પટેલ)
મેનેજીંગ ડીરેક્ટર

ભરૂચ
તા. ૨૭/03/૨૦૨૬

જાહેર નોટીસ - કૌશિક જાદવ, GAS સબ-ડિવીઝનલ મેજીસ્ટ્રેટ માંડવીની કોર્ટમાં, મુ.માંડવી
નં.જન્મ-મરણ/અપીલ નં.૧૨૦/૨૦૨૬
તા.૦૯/03/૨૦૨૬

વાદી :- મોહમદહુસેન યુસુફ મમુન, રહે.તડકેશ્વર, તા.માંડવી, જી.સુરત-૩૯૪૧૭૦.
વિરૂધ્ધ
પ્રતિવાદી :- (૧) મામલતદારશ્રી માંગરોળ, તા.માંગરોળ, જી.સુરત, (૨) જન્મ મરણ રજીસ્ટ્રાર અને તલાટી કમ મંત્રીશ્રી કોસાડી ગ્રુપ ગ્રા.પં., તા.માંગરોળ, જી.સુરત-૩૯૪૪૦૫

વિષય:- જન્મ મરણ અધિનિયમ - ૧૯૬૯ ની કલમ ૧૩(૩) અન્વયે જન્મની નોંધણી બાબત.

આથી આ જાહેર નોટીશથી લાગતા વળગતા તમામ ઇસમોને જણાવવામાં આવે છે કે અરજદારશ્રી મોહમદહુસેન યુસુફ મમુન, રહે.તડકેશ્વર, તા.માંડવી, જી.સુરત-૩૯૪૧૭૦એ તેઓના પોતે મોહમદહુસેન યુસુફ મમુનનાં જન્મની નોંધણી જે તે વખતે કરાવવાની રહી ગયેલી છે. જેની નીચેની વિગતે નોંધણી કરવા સામાવાળાને આદેશ કરવા માટેની અરજી અત્રેની કોર્ટમાં આવેલ છે. ૧. નોંધણી કરાવવાની છે તેનું નામ: મોહમદહુસેન યુસુફ મમુન ૨. જન્મ તારીખ: ૨૨/૦૭/૧૯૫૧ ૩. જન્મનું સ્થળ: મોજે.કોસાડી, તા.માંગરોળ, જી.સુરત
સબબ, ઉપરોક્ત વિગતે મોહમદહુસેન યુસુફ મમુનના જન્મની નોંધણી કરવા સામાવાળાને અત્રેથી હુકમ કરવા સામે કોઈ ઇસમને વાંધો કે તકરાર હોય તો અત્રેની કોર્ટમાં દિન-૩૦માં અથવા આ કામની સુનાવણી તા.૦૯/૦૪/૨૦૨૬ના રોજ વાંધો રજૂ કરવો. જો વાંધો રજૂ કરવામાં નહીં આવે તો કોઇને વાંધો નથી એમ માની આગળની કાર્યવાહી કરવામાં આવશે જેની નોંધ લેવી.
આજ તા.૦૯/03/૨૦૨૬ ના રોજ મારી સહી તથા કોર્ટનો સિક્કો કરીને આપ્યો.
કોર્ટનો સિક્કો
હુકમથી (કૌશિક જાદવ)
સબ-ડિવીઝનલ મેજીસ્ટ્રેટ, માંડવી પ્રાંત, જિ.સુરત

જાહેર નોટીસ - કૌશિક જાદવ, GAS સબ-ડિવીઝનલ મેજીસ્ટ્રેટ માંડવીની કોર્ટમાં, મુ.માંડવી
નં.જન્મ-મરણ/અપીલ નં.૮૦/૨૦૨૬
તા.૦૯/03/૨૦૨૬

વાદી :- બીલકીશબાનુ ઈબ્રાહીમ શેખ, રહે.બી-૧૦૨, એવરગ્રીન કોમ્પલેક્ષ, ભરૂચા એપાર્ટમેન્ટની બાજુમાં, મોરાભાગળ, રાંદેર રોડ, ભેસાણ, સુરત, જી.સુરત-૩૯૫૦૦૫.
વિરૂધ્ધ
પ્રતિવાદી :-જન્મ મરણ રજીસ્ટ્રાર અને તલાટી કમ મંત્રીશ્રી અરેઠ ગ્રા.પં., તા.અરેઠ, જી.સુરત-૩૯૪૧૭૦

વિષય:- જન્મ મરણ અધિનિયમ - ૧૯૬૯ ની કલમ ૧૩(૩) અન્વયે જન્મની નોંધણી બાબત.